# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ (ACPC), ગુજરાત રાજ્ય

એલ. ડી. કૉલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ધો. ૧૨ (વિ.પ્ર.) પછીનાં ડિગ્રી એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ: વર્ષ ૨૦૨૨-૨૩

ધોરણ ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) પછીના ડિગ્રી એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રથમ વર્ષ પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વેબ આધારિત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ બેઠકોમાં સરકારની અને ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાની તમામ બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાની માન્ય બેઠકોની ૫૦% બેઠક અને મેનેજમેન્ટ બેઠકોની સુપ્રત કરેલ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સ (સૂચિ વેબસાઈટ પર ઉપલબ્ધ છે) પર રજીસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

**પ્રવેશની લાયકાત:**

**[A] સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની બેઠકોની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો માટે:** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત રાજ્ય સ્થિત શાળાઓમાંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજકેટ-૨૦૨૨ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

**[B] સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની બેઠકોની માન્ય બેઠકોની ૫% બેઠકો:** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સહિત) સ્થિત શાળાઓમાંથી લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને જેઈઈ (મેઈન)-૨૦૨૨ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

**વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.**

| લઘુત્તમ લાયકાત અને મેરીટની જોગવાઈ | | |
|---|---|---|
| **લઘુત્તમ લાયકાત** | ઉમેદવારે **AICTE** દ્વારા નિર્ધારિત અને સરકાર દ્વારા સૂચિત વિષયોમાં ઓછામાં ઓછા ૪૫% (અનાતમ કેટેગરી માટે ૪૦%) સાથે **HSC** પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. તેની વિગતો **www.jacpcldce.ac.in** પર ઉપલબ્ધ છે. | |
| **મેરીટની જોગવાઈ** | **સરકારી અને અનુ-દાનિત સંસ્થાઓની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો** | ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર સાથે રસાયણશાસ્ત્ર / જીવવિજ્ઞાન (સંબંધિત લાયકી અભ્યાસ-ક્રમોમાં) બોર્ડના થીયરી પર્સેન્ટાઈલના ૫૦% અને GUJ-CET 2022 ના ૫૦% પર મેરીટ બનશે. |
| | **સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૫% બેઠકો** | JEE (Main) 2022 ના ઓલ ઈન્ડિયા રેન્ક ઉપર મેરીટ બનાવવામાં આવશે. |

**નોંધ:** ઉપરોક્ત જોગવાઈઓ [A] અને [B]ના માપદંડ ધરાવતા ઉમેદવારો ફક્ત એક જ રજીસ્ટ્રેશનથી બંને પ્રકારની બેઠકો પર અરજી કરી શકશે.

**રજીસ્ટ્રેશનની પ્રક્રિયા:**

- ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા તા. ૩૧-૫-૨૦૨૨ બપોરે ૨-૦૦ કલાકથી શરૂ થશે.
- ઓનલાઈન રજીસ્ટ્રેશન અને તેની રજીસ્ટ્રેશન ફી ભરવાની છેલ્લી તા. ૩૦-૬-૨૦૨૨ (સાંજે ૫-૦૦ કલાક) રહેશે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન ફી (નોન રીફંડેબલ) રૂા. ૩૦૦/- ફક્ત ઓનલાઈન મોડ દ્વારા ચૂકવણી કરવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન છે.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે, પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઈન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે રોજ મુલાકાત લેશો.

| એડમિશન કમિટિ દ્વારા પ્રવેશ પ્રક્રિયા માટે ઉપલબ્ધ સુવિધાઓ | |
|---|---|
| **ઉપલબ્ધ સુવિધાઓ** | **ઉપલબ્ધ પ્રવૃત્તિઓ** |
| **વેબસાઈટ www.gujacpc.nic.in (રજીસ્ટ્રેશન માટે)** | ઓનલાઈન રજીસ્ટ્રેશન, રજીસ્ટ્રેશન ફીની ચુકવણી |
| | ચોઈસ ફિલીંગ |
| | પ્રવેશની ફાળવણી, પ્રવેશને કન્ફર્મ કરવું અને પ્રવેશને રદ કરવાની જોગવાઈ (જો જરૂરિયાત હોય તો) |
| | પ્રવેશ કન્ફર્મ કરવા માટે ટોકન ટ્યુશન ફીની ચુકવણી |
| **વેબસાઈટ www.jacpcldce.ac.in (માહિતી માટે)** | પ્રવેશ સંબંધિત તમામ સૂચનાઓ, લાયકાત અને મેરીટની જોગવાઈના નિયમો, જાહેરખબરો અને પ્રવેશ પ્રક્રિયાને સંબંધિત તમામ માહિતી |
| | સંસ્થાઓની યાદી અને ઉપલબ્ધ બેઠકોની માહિતી |
| | સાયબર સેન્ટરની યાદી |
| | પ્રવેશનો શિડ્યુલ, કોમન મેરીટની યાદી, કટ-ઓફ માર્કસ, પ્રવેશની ફાળવણીની માહિતી, પ્રવેશ ફાળવણીનું એનાલીસીસ |
| **સાયબર સ્પેસ સેન્ટર** (સમય: સવારે ૧૧ થી ૫ - જાહેર રજાઓ સિવાય) | પ્રવેશ પ્રક્રિયા માટે નિઃશુલ્ક ઓનલાઈન પ્રવેશ સહાય પૂરી પાડવા |
| | પ્રવેશ પ્રક્રિયા સંબંધિત પ્રશ્નો માટે |
| **૨૪x૭ સમયની હેલ્પ લાઈન નંબર** | ૦૭૯-૨૬૫૬૬૦૦૦<br>પ્રવેશ પ્રક્રિયા સંબંધિત પ્રશ્નો માટે |
| **ઉપરોક્ત જણાવેલ સિવાય સમિતિની અન્ય કોઈ વેબસાઈટ નથી.** | |

Visit www.gujacpc.nic.in

**નોંધ:** તમામ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો અને તેમના વાલીઓએ પ્રવેશ પ્રક્રિયા અંગેની રોજબરોજની માહિતી માટે સમયાંતરે એસીપીસીની ઉપરોક્ત વેબસાઈટસની મુલાકાત લેવાની રહેશે.

Visit www.jacpcldce.ac.in

તા. ૩૦/૦૫/૨૦૨૨

**- મેમ્બર સેક્રેટરી**

**Help Line No. : 079-26566000**